અક્ષરનાદ
AksharNaad.com

# વર્ડપ્રેસની મદદથી સ્વયં
# તમારી વેબસાઈટ બનાવો

**by WordPress Academy**

| Ebook By Marc Beneteau
Translated in Gujarati and Edited by Jignesh Adhyaru

# WordPress 101 Quick Start Guide:

## Your first site in 2 hours

## (eBook + Video)




by

*http://WordpressAcademy.biz*

*આ પુસ્તક અથવા તેના કોઇ પણ ભાગને કોઇ પણ માધ્યમથી લેખકની પરવાનગી વગર ફેરફાર કરવા અથવા વહેંચવાની પરવાનગી નથી. આવી કોઇ પણ ઘટનાને કોપીરાઈટનું ઉલ્લંઘન માનવામાં આવશે. વેબસાઇટ http://WordpressAcademy.biz (અંગ્રેજી ભાષામાં) અથવા http://aksharnaad.com (ગુજરાતી ભાષામાં) આ પુસ્તકની મફત પ્રત માટે લોકોને સૂચવો.*

# અનુક્રમ


પ્રવેશક ........ 5

આ ઈ-પુસ્તકમાંથી તમે શું શીખશો? ........ 5

વધુ વિગતો કઈ રીતે મેળવશો ........ 6

વર્ડપ્રેસ શું છે? ........ 7

વર્ડપ્રેસ વેબહોસ્ટિંગ વિકલ્પો ........ 8

ડોમેઇન અને હોસ્ટ વિશે સમજણ ........ 9

યજમાન – હોસ્ટિંગ કંપની પસંદ કરવી ........ 11

તમારા હોસ્ટિંગ ખાતા પર વર્ડપ્રેસ ઈન્સ્ટોલ કરવું ........ 14

તમારા ડોમેઇન સાથે ઇ-મેલ ખાતું બનાવવું ........ 14

વર્ડપ્રેસ – મૂળભૂત વિભાવના અને રૂપરેખા ........ 15

યોગ્ય થીમની પસંદગી કરવી ........ 17

એક સરળ અને સુંદર થીમ શોધવી ........ 17

થીમ ઇન્સ્ટોલ કરવી અને જીવંત કરવી ........ 19

તમારી થીમમાં જોઈતા ફેરફાર કઈ રીતે કરશો? ........ 20

Atahualpa થીમ માટે વિશેષ સૂચનો ........ 21

વર્ડપ્રેસની મૂળભૂત રૂપરેખા અને ગોઠવણ ........ 22

પોસ્ટ, પાનાં અને કડીઓ વિશેની સમજણ ........ 23

સાઈડબાર – બાજુપટ્ટી અને વિજેટ ........ 25

વર્ડપ્રેસ નેવિગેશન સુવિધા અને વિજેટ વિશે વધુ મદદ ........ 26

HTML and CSS કોડ માટે શિખાઉને માર્ગદર્શન ........ 27





Ver. 1.01 - © Copyright 2011

વર્ડપ્રેસની આંતરીક વિઝ્યુઅલ સંપાદન સુવિધા વાપરવા વિશે ........................................ 27
સૂચિત પ્લગિન સંગ્રહ ઇન્સ્ટોલ કરવા................................................................................ 28
વિન્ડોઝ લાઇવ રાઇટર) વિન્ડોઝ માટે (અને બ્લોગો) મેક માટે (વાપરીને વૈભવી વિષયવસ્તુનું સર્જન........................................................................................................................ 31
સારાંશ........................................................................................................................ 32
લેખક તથા અનુવાદક વિશે માહિતી અને સંપર્ક વિગતો...................................................... 33


Ver. 1.01 - © Copyright 2011

# પ્રવેશક

## *આ ઈ-પુસ્તકમાંથી તમે શું શીખશો?*

“વર્ડપ્રેસ 101 ક્વિક સ્ટાર્ટ ગાઈડ – ફક્ત 2 કલાકમાં તમારી પ્રથમ વેબસાઈટ” એ એક ઈ-પુસ્તક અને સહયોગી વિડીયો સાથે પ્રશિક્ષણ આપતો એવો અભ્યાસક્રમ છે જે તમને શીખવશે કે ફક્ત બે કલાક જેટલા સમયમાં તમે તમારી પ્રથમ વેબસાઈટ કઈ રીતે બનાવી તેને વેબવિશ્વમાં મૂકી શકો. આ માટે વર્ડપ્રેસનું જ્ઞાન હોવું જરૂરી નથી. તમારી કલાકોની વેબ પરની શોધ અને એ અંગે ટેકનીકલ શોધખોળ કરવાની કડાકૂટમાંથી આ અભ્યાસ તમને બચાવશે અને તમારી વેબસાઈટ વિકસે અને વધુ સ્પષ્ટ અને સુંદર બને ત્યારે કેટલીક મહેનતે ગોઠવેલી વસ્તુઓની ખામીઓને લીધે છોડવાની જહેમતમાંથી પણ તે તમને બચાવશે.

આ પુસ્તકમાં સમાવિષ્ટ પ્રકરણો એ જ અભ્યાસક્રમનો હિસ્સો છે જે પૂર્ણ વર્ડપ્રેસ 101 -16 કલાકનું વેબ પ્રશિક્ષણ ના પ્રથમ બે વિભાગ (ચાર કલાક) દરમ્યાન શીખવવામાં આવે છે.

આ ઈ-પુસ્તકમાં સમાવિષ્ટ મુદ્દાઓ (વધુ વિગતે જાણવા આગળ વાંચતા રહો)

- વર્ડપ્રેસ વેબહોસ્ટીંગ વિકલ્પો
- મુખ્ય વિભાવના અને અભિગમ – સાઈટના મૂળ ઘટક તત્વો તથા યોજના
- થીમ પસંદગી અને તમારી પસંદગી માટેના વિકલ્પો
- ધંધાદારી વેબસાઈટ માટે વર્ડપ્રેસની રૂપરેખા ઘડવી
- પોસ્ટ, પેજ અને લિન્ક વિશેની સમજણ
- સાઈડબાર અને વિજેટ વાપરવા
- વિષયવસ્તુ સર્જન – વર્ડપ્રેસ બિલ્ટ-ઈન વિઝ્યુઅલ એડીટર
- પ્લગિન ઉમેરવા અને સૂચવેલા પ્લગિનનો સમૂહ
- મૂળ અતાઉલ્પા થીમ વિશેષ શૈલી, રૂપરેખા તથા ગોઠવણ
- વિન્ડોઝ લાઈવ રાઈટર અને બ્લોગો સાથે સમૃદ્ધ વિષયવસ્તુનું સર્જન



Ver. 1.01 - © Copyright 2011

## વધુ વિગતો કઈ રીતે મેળવશો

જો તમે ઈન્ટરનેટ પર તમારી હાજરી નોંધાવવા બાબતે ગંભીર હોવ અને તમારી વેબસાઈટના માધ્યમથી નાણાં કમાવવા માંગતા હોવ તો તમે સંપૂર્ણ વર્ડપ્રેસ 101 અભ્યાસક્રમ, વિશે જાણો, એ તમને ઉપરોક્ત બાબતો સિવાય શીખવશે:

- CSS ની મદદથી જે રીતે જોઈતી હોય તે રીતે વેબસાઈટને ગોઠવવી, બીજી વેબસાઈટનો કોડ જાણવા ફાયરફોક્સ પ્લગિન ફાયરબગ અથવા કલરઝિલાના ઉપયોગ વિશે.
- કોમર્શિયલ થીમ માળખું વાપરીને તમારી વેબસાઈટને એક પ્રભાવી દેખાવ આપવા ($100 થી ઓછા ભાવમાં) તથા થીસીસ, આઈથીમ્સ, and સ્ટુડીયો પ્રેસ ની થીમ વિશે વિશદ ચર્ચા.
- નવા વિજેટ સ્થાનો બનાવી અથવા હુક્સનો પ્રયોગ કરીને વધારાની વિષયવસ્તુનો સમાવેશ કરવો.
- સર્ચ એંજિન સક્ષમતા તથા મુખ્ય શબ્દ આધારીત શોધ જેવા વિકલ્પો વડે મુલાકાતીઓની સંખ્યા વધારનાર મફત સોફ્ટવેર.
- સબસ્ક્રિપ્શન ખાનું ઉમેરો અથવા તમારી વેબસાઈટ પરથી ઓનલાઈન ખરીદી માટેના વિકલ્પો ઉમેરવા Aweber અથવા Constant Contact નો ઉપયોગ કરવો.
- તમારી ડિજીટલ વસ્તુઓ વેચવા માટે ચૂકવણીનું ખાનું / વિકલ્પ ઉમેરવા વિશે.
- વર્ડપ્રેસ સભ્યપદ આધારીત વેબસાઈટ બનાવીને તે દ્વારા નાણાં પ્રાપ્ત કરવા વિશે.
- આ સિવાય પણ ઘણું બધું...

આ વિશે વધુ માહિતિ માટે ઉપરની કડી વાપરો – જ્યારે નવી શૃંખલા શરૂ થશે ત્યારે આપને ઇ-મેલ મારફત સૂચવવામાં આવશે.


Ver. 1.01 - © Copyright 2011

# વર્ડપ્રેસ શું છે?

વર્ડપ્રેસ (http://wordpress.org) એક કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ = CMS (વિષયવસ્તુને નિયંત્રિત કરવાની અને ગોઠવવાની કાર્યપ્રણાલી) છે. વેબસાઈટ બનાવવા અને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે સૌથી સક્ષમ અને શીખવામાં સરળ એવી આ વ્યવસ્થામાં એક સુંદર વહીવટી ગોઠવણ છે, જેમાં સ્વયંસંચાલિત રીતે વેબસાઈટના વિવિધ વિભાગો બનાવવા માટેના કોડ સુધી પહોંચી શકાય તેવી સગવડ મળે છે. (પેજ મેનુ વગેરે) વળી આ સુવિધાનો ઉપયોગ કરવા HTML અથવા એવી કોઈ અન્ય ભાષા શીખવાની જરૂર નથી. આ વિષય વિશે અજ્ઞાત મિત્રો માટે થોડાક કલાકોમાંજ વર્ડપ્રેસ શીખવું અને એ પણ મોકળાશની કોઈ પણ વ્યવસ્થા છોડ્યા વગર, એ જરૂરતથી ખરેખર વધુ સુવિધા છે. તમે વર્ડપ્રેસ સાથે લગભગ એક ડીઝાઈનર બનાવી તમને આપે તેવી બધી જ સુવિધાઓ / વ્યવસ્થાઓની ગોઠવણ જાતે કરી શકો છો.

વર્ડપ્રેસ એક ઓપન સોર્સ (વપરાશ અને વિકાસ માટે તદ્દન સ્વતંત્ર અને મફત), વિશ્વભરના હજારો પ્રોગ્રામ કરનારાઓ દ્વારા બનાવાયેલું અને પબ્લિક ડોમેઇન (સાર્વજનિક અધિકાર ક્ષેત્ર) હેઠળ મૂકવામાં આવેલું સાર્વત્રિક ઉપલબ્ધ સોફ્ટવેર છે, તેથી તેને વાપરવા તમારે કોઈ નાણાં ચૂકવવાની જરૂર નથી.

વર્ડપ્રેસ વેબ આધારિત સગવડ છે, અને તે **PHP** અને **MySQL** જેવી કોમ્પ્યુટર ભાષાઓમાં લખાયું છે, લિનક્સ સર્વર પર ચાલવા માટે બનાવાયેલ **PHP** વેબ સગવડો માટેની પ્રોગ્રામિંગની ભાષા છે. **MySQL** એ આધારભૂત જ્ઞાન કે સ્વીકૃત માહિતી સબંધી સંગ્રહ છે (જેમ કે માઇક્રોસોફ્ટ એક્સેસ) અને **Linux** વેબ સર્વર માટેની સંચાલન પદ્ધતિ છે – આ બધાં પણ ઓપન સોર્સ છે.

2009 અંત સુધીમાં વર્ડપ્રેસ સૌથી વધુ પ્રચલિત, 200 લાખથી વધુ વેબસાઈટ માટે વપરાતી કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ - **CMS** છે.


Ver. 1.01 - © Copyright 2011

નાની ઔદ્યોગિક અથવા વ્યવસાયિક વેબસાઈટ બનાવવા માટે વર્ડપ્રેસ ઉત્તમ માધ્યમ છે. જો કે મુખ્યત્વે બ્લોગિંગ માટે તૈયાર કરવામા આવેલ આ માધ્યમ સામાન્ય સ્થિર ધંધાકીય અથવા સીમીત ક્ષેત્ર કે વપરાશકારો માટેની વેબસાઈટ બનાવવા પણ ખૂબ ઉપયોગી છે. સભ્યપદ આપીને ચલાવવા માટેની વેબસાઈટ બનાવવા માટે પણ તે ઉત્તમ સગવડ છે. (એવી વેબસાઈટ જ્યાં અમુક મૂલ્ય ચૂકવીને વિષયવસ્તુ વેચવામાં આવે છે.)

વર્ડપ્રેસ હજારો મફત થીમ (વેબસાઈટનું તૈયાર માળખુ અથવા દેખાવ અને ગોઠવણની અમુક ચોક્કસ શૈલી) અને પ્લગિન (વધારાની સગવડ ઉમેરી આપતી વ્યવસ્થા) સાથે ઉપલબ્ધ છે. તમારી વેબસાઈટ માટે થીમ બદલવી કે પ્લગિન ઉમેરવું ખૂબ સરળ છે. ઘણા વર્ડપ્રેસ વપરાશકર્તાઓ અને વેબ ડેવલોપરો તેને વેબસાઈટ નિર્માણ વિશેની ખાણ કહે છે. – જેને વેબસાઈટ બનાવવા વિશેની ટેકનીકલ આવડત નથી તેવા લોકો પણ સરળતાથી છતાં ખૂબ પ્રભાવી વેબસાઈટ બનાવી શકે તે માટેનું સોફ્ટવેર બનાવવાના ધ્યેયની સંપૂર્ણતા. આ પહેલાના વેબસાઈટ બનાવવા માટેના વિકલ્પો શીખવામાં ખૂબ મુશ્કેલ હતાં (જેમ કે જુમલા અથવા ડ્રુપલ કન્ટેન્ટ મેનેજમેન્ટ સગવડો), અથવા વ્યક્તિવિશેષનાં અધિકારમાં અને ખૂબ મર્યાદિત હતાં (જેમ કે ગો ડેડીની ‘વેબસાઈટ ટુનાઈટ’) અથવા મોંઘા હતાં.

# વર્ડપ્રેસ વેબહોસ્ટિંગ વિકલ્પો

વર્ડપ્રેસ એક વેબ આધારીત સોફ્ટવેર છે – તમે તમારા વેબ બ્રાઉઝર (જેવા કે ઈન્ટરનેટ એક્સ્પ્લોરર, મોઝિલા ફાયરફોક્સ અથવા ગૂગલ ક્રોમ) વડે તમારી વેબસાઈટ બનાવો છો અને ચલાવો છો. તમે જે વિષયવસ્તુ વહેંચવા – દર્શાવવા માંગો છો એ બધા વિષયવસ્તુના સંગ્રહ માટે ઓનલાઈન જગ્યાની જરૂર પડે છે, એ ઓનલાઈન જગ્યા આપનાર યજમાનને વેબ હોસ્ટ કહેવાય છે.

## <u>સ્વ આયોજિત વર્ડપ્રેસ ની સામે વર્ડપ્રેસ.કોમ - વિશેની સમજણ</u>


Ver. 1.01 - © Copyright 2011

તમે વર્ડપ્રેસ.કોમ (WordPress.com) પર તમારો બ્લોગ તદ્દન મફતમાં બનાવી શકો છો. જો તમે ઇચ્છો તો તેને તમારા પોતાના ડોમેન નામ સાથે જોડી શકો છો (જેમ કે કખગ.કોમ) જે માટે ડોમેન નોંધાવવાના મૂલ્ય સાથે તમારે $20 પ્રતિવર્ષ ચૂકવવાના રહે છે. આ સલાહભર્યું નથી કારણકે વર્ડપ્રેસ.કોમ ઘણી રીતે મર્યાદિત છે. અહીં ઉપલબ્ધ થીમ અને પ્લગિન ખૂબ ઓછા છે. વળી કોમર્શિયલ થીમ કે અન્ય મફત ઉપલબ્ધ સુંદર થીમ અહીં વાપરી શકાતી નથી. વેબસાઈટને સ્વતંત્રપણે વિકસાવવાની પણ સગવડ અહીં નથી. વર્ડપ્રેસ.કોમ તમને તમારા PHP કોડ સુધી પહોંચવા દેતી નથી.

એના કરતા તમારી વર્ડપ્રેસ વેબસાઈટ તમારી જાતે સ્વ આયોજિત વર્ડપ્રેસ વડે બનાવવી અને હોસ્ટ કરવી વધુ સરળ અને ઉપયોગી છે.

## *ડોમેઇન અને હોસ્ટ વિશે સમજણ*

વેબસાઈટને હોસ્ટ કરવા માટે જરૂર પડશે ડોમેઇન નામને રજીસ્ટર કરનારી સંસ્થાની (જેમ કે Godaddy) અને એક હોસ્ટિંગ સંસ્થાની – એક એવી ઓનલાઈન યજમાન જગ્યા જ્યાં તમે તમારી વિષયવસ્તુ સંગ્રહી શકો (જેમ કે BlueHost). મહદંશે તે બંને એક જ સંસ્થા કરી આપે છે. જો કે મૂળભૂત રીતે એ બંને અલગ છે – જેમ કે ઘણા લોકો ‘ગો ડેડી’ને ડોમેઇન નામ નોંધાવવા માટે અને બીજી સંસ્થાને વેબહોસ્ટિંગ માટે વાપરે છે. એકથી વધુ વેબસાઈટ બનાવનારાઓ માટે આ શક્ય છે કારણકે મોટાભાગની વેબહોસ્ટિંગ કંપની હોસ્ટિંગ યોજના સાથે એક ડોમેઇન નામ મફત રજીસ્ટર કરી આપે છે. (બ્લ્યૂહોસ્ટ આમ કરે છે) પણ એ સિવાયના વધારાના ડોમેઇન માટે વધુ કિંમત વસૂલે છે.

### **તમારા વેબહોસ્ટ અથવા યજમાન ખાતાને તમારું ડોમેઇન નામ આપવું :**

આને તમારુ ડોમેઇન હોસ્ટ કરવું એમ પણ કહેવાય છે. આ વ્યવસ્થા સમજવા મકાન ભાડે લઈએ એ પ્રક્રિયા સાથે સરખામણી કરીએ. જેનું મકાન ભાડે લઈએ તે યજમાનને હોસ્ટ ગણાય છે. એ ઘરે ભાડે રહેવા જઈએ અને તમારા નામ સાથે તે સરનામું જોડવાને તમારા વેબહોસ્ટ ખાતાને ડોમેઇન નામ આપવું એમ કહેવાય છે. એ ભાડા પેટે ચૂકવવાની માસિક રકમ અહીં વેબહોસ્ટને ચૂકવવાની રકમ સાથે સરખાવી શકાય. આ વિશે કેટલાક અગત્યના મુદ્દાઓ જોઇએ.

1. જો તમારી પાસે તમારુ હોસ્ટ ખાતું ન હોય તો એવા એક ખાતા માટે જરૂરી માહિતિ નોંધાવો (જુઓ નીચે આ મુદ્દાઓ પછી) જ્યારે તમે આ માટે નોંધણી કરાવશો ત્યારે


Ver. 1.01 - © Copyright 2011

તમને ફોર્મમાં પૂછવામાં આવશે કે તમારે નવા ડોમેઇન નામની જરૂર છે કે તમારી પાસે ઉપલબ્ધ ડોમેઇન વાપરવા માંગો છો.

2. જો તમે એક હોસ્ટ ખાતું નોંધાવેલું જ હોય તો મહદંશે તેની સાથે એક મફત ડોમેઇન નામ પણ મળ્યું જ હશે આમ તમારી પાસે એક હોસ્ટ ખાતું અને એની સાથે સંલગ્ન પ્રાથમિક ડોમેઇન નામ (એ નામ જેની સાથે તમે તમારું ખાતું ખોલ્યું) હશે, તો આપોઆપ જ તમારા ડોમેઇન નામ પર તમારું ખાતું અને ઓનલાઈન જગ્યા ઉપલબ્ધ હશે, આમ હોય તો મુદ્દા નંબર 7 પર જાઓ.

3. જો તમે પહેલેથી ખરીદેલું તમારું પ્રાથમિક ડોમેઇન નામ (જે કોઈ એક વેબસુવિધા સાથે જોડાયેલુ) હશે અને હવે તમે બીજી વેબસુવિધા પર તમારી વેબસાઈટ હોસ્ટ કરવા માંગતા હોવ, તો મુદ્દા નંબર 5 પર જાઓ. (આ પ્રક્રિયાને changing name servers for your domain – તમારા ડોમેઇન માટે નામસર્વર બદલવા એમ કહેવાય છે.)

4. જો તમારા ઉપલબ્ધ વેબ હોસ્ટિંગ ખાતા મારફત તમે એક વધુ વેબસાઈટ બનાવવા માંગતા હોવ (જો તમારું ખાતું એની સગવડ આપતું હોય તો) નીચે મુજબ કરો : જો તમારી પાસે 'સી-પેનલ' દ્વારા ચાલતું ખાતું હોય - **cPanel hosting account** (જેમ કે Bluehost અથવા Hostgator), તો તમારા ખાતાની કંટ્રોલ પેનલ માં જઈને **"add-on domain"** વિકલ્પ પસંદ કરો, જે તમારી વેબસાઈટની સબ ડિરેક્ટરી sub-directory માં નવું ડોમેન ઉમેરી આપશે.

   - જો તમે 'ગો ડેડી' સાથે સંલગ્ન હોવ તો તમારા વેબસાઈટની કંટ્રોલ પેનલમાં ડોમેઇન વિકલ્પ ખોલો અને તેમાં હોસ્ટિંગ (Hosting) નો વિકલ્પ પસંદ કરો, તે દ્વારા એક વધારાનું ડોમેઇન હોસ્ટ કરી શકાય છે.

5. તમારા ડોમેઇન નામ રજિસ્ટ્રાર કંટ્રોલ પેનલ (**domain name registrar control panel**) માં જાઓ અને ત્યાંથી તમારી હોસ્ટિંગ કંપનીના સૂચન મુજબ તમારા ડોમેઇનના નામ સર્વર (**Name Servers**) બદલો. (જેમ કે જો તમે બ્લ્યૂહોસ્ટ ના ગ્રાહક હોવ તો તમારા પ્રાથમિક અને સહાયક ડોમેઇન નામ સર્વરને અનુક્રમે NS1.BLUEHOST.COM અને NS2.BLUEHOST.COM એ મુજબ ગોઠવો). મુદ્દા નંબર 4 મુજબ કરવાથી 'ગો ડેડી' આ પગલું આપોઆપ કરી આપશે.


Ver. 1.01 - © Copyright 2011

6. Your તમારી વેબસાઈટ મોટાભાગે થોડાક કલાકોમાં વેબ પર દેખાતી થઈ જશે, મહત્તમ એક દિવસમાં. (આ બદલાવમાં થતા વિલંબને “domain propagation time” કહેવાય છે.) જો તમે તમારી વેબસાઈટમાં કાંઈ ઉમેર્યું નહીં હોય તો પણ ખાલી ડિરેક્ટરી તરીકે અથવા તમારી હોસ્ટ કંપનીના મૂકેલા પાનાને બતાવશે.
7. તમારા હોસ્ટ ખાતાની કંટ્રોલ પેનલમાંથી સ્વયંસંચાલિત વર્ડપ્રેસ ઈન્સ્ટોલર વાપરીને વર્ડપ્રેસને તમારી વેબસાઈટ માટે ઈન્સ્ટોલ કરો. જો બધું બરાબર થયું તો આ ઈન્સ્ટોલેશન બાદ તમને તમારા ડોમેઇન પર (જેમ કે http://yourdomain.com) ડિફોલ્ટ વર્ડપ્રેસ પાનું જોવા મળશે.

**સૂચના**: તમારું ડોમેઇન નામ ખરીદતી વખતે જ નામ સર્વર આપી દેવા સરળ છે, એક વખત ડોમેઇન નામ ખરીદી લીધા પછી અમુક સમય બાદ તે બદલવું થોડી અસુવિધા આપશે કારણકે નામસર્વર બદલવા માટેની કસરત અને તેમાં સમયનો થોડો વ્યય થઈ શકે. પહેલેથી જ આમ કરવાથી ડોમેઇન પ્રોપેગેશનમાં થતો સમયનો વ્યય પણ અટકાવી શકાય, જેથી વેબસાઈટ તરત ઓનલાઈન દેખાતી થઈ જશે. ‘બ્લ્યૂહોસ્ટ’ રજિસ્ટર કરતી વખતે આ માટે વિશેષ સુવિધા આપે છે તો ‘ગો ડેડી’ પણ રજિસ્ટર કરતી વખતે એક નાનકડું ખાનું આપે છે જેમાં નામસર્વર આપી શકાય છે.

## *યજમાન – હોસ્ટિંગ કંપની પસંદ કરવી*

તમારી વેબસાઈટને પોતાની જાતે આયોજિત કરવા, હોસ્ટ કરવા એક યજમાન ખાતાની – હોસ્ટિંગ ખાતાની જરૂર પડશે.

વિશ્વમાંથી કોઈ પણ જ્યારે તેમના વેબ બ્રાઊઝરમાં તમારી વેબસાઈટ જોવા માંગે છે ત્યારે તમારી યજમાન કંપની તમારા વતી એ ફાઈલ અથવા સંગ્રહને બતાવે છે અને સતત વપરાશ માટે તેને જાળવે છે. એ માટે જે માધ્યમ અથવા પ્રોટોકોલ વપરાય છે તેને હાયપર ટેક્સ્ટ ટ્રાન્સફર પ્રોટોકોલ HTTP કહે છે. આવી યજમાન કંપનીઓ વેબ સર્વરોના ખૂબ મોટા ભંડારો એક બેન્કની જેમ જાળવે છે, જે વિશાળ અને વિશેષ કાર્યક્ષમ સતત ચાલતા મોટા કોમ્પ્યુટર હોય છે, એ ઈન્ટરનેટ સાથે સતત જોડાયેલ હોય છે અને ચોવીસ કલાક કોઈ પણ તકલીફ ઉભી ન થાય તે માટે ધ્યાન રાખવામાં આવે છે.


Ver. 1.01 - © Copyright 2011

કેટલીક મુખ્ય યજમાન – હોસ્ટિંગ કંપનીઓ અહીં નીચે સૂચવી છે, સુવિધાઓના ભાવની બાબતમાં, વિશ્વસનિયતા અને સુવિધાઓ આપવાની બાબતમાં લગભગ બધી સમાન છે અને તેમના ભાવ મહીને $6 થી લઈને $10 સુધી હોય છે. આ ભાવ મુખ્યત્વે કેટલા સમય માટે તમે પ્રાથમિક રજિસ્ટ્રેશન કરાવો છો તેના પર અને વિકલ્પો પર (જેમ કે વધારાના ડોમેઇન નામ એક જ ખાતામાં હોસ્ટ કરી શકાય તે અથવા ડોમે ઇન નામ મફત છે કે નહીં વગેરે) પર આધાર રાખે છે.

બ્લ્યૂહોસ્ટ (BlueHost) અને હોસ્ટગેટર (Hostgator) એ સી પેનલ (**cPanel**) પ્રકારના હોસ્ટ છે, જેમને જાળવવા અને વાપરવા સહેલા પડે છે. તેની સામે ગો ડેડી (Godaddy) નો વપરાશ થોડો મુશ્કેલ છે. બ્લ્યૂહોસ્ટ અને ગોડેડી મુખ્ય બે હોસ્ટ છે જે વધુ વપરાય છે. બે ને સરખાવતા એ ધ્યાનમાં રાખવું કે ગોડેડી સાથે જતાં તમારે હોસ્ટ ખાતા ઉપરાંત વર્ષે $10 પ્રાથમિક ડોમેઇન નામ માટે વધુ આપવા પડશે, જ્યારે બ્લ્યૂહોસ્ટમાં તે મફત અપાય છે.

- Godaddy. વિશ્વની એક અગ્રગણ્ય ડોમેન નામ રજિસ્ટર કરતી અને હોસ્ટિંગની સુવિધા આપતી કંપની છે. અહીં ખાતું ખોલાવતા એ ધ્યાન રાખશો કે તમે ડીલક્ષ અથવા અનલિમિટેડ યોજનાઓ પસંદ કરો કારણકે ઈકોનોમી યોજના ફક્ત એક વેબસાઈટ હોસ્ટ કરવાની જ સુવિધા આપે છે અને પછીથી ઈકોનોમી યોજનામાંથી ડીલક્ષ યોજનામાં જઈ શકાતું નથી. વપરાશકારો માટેની વેબસાઈટ ચલાવવાનો ઈન્ટરફેસ પણ થોડોક અઘરો લાગી શકે છે.

- BlueHost. લગભગ પૈસાનું પૂરેપૂરું વળતર, અહીં ઓછામાં ઓછા એક વર્ષના પૂર્ણ સમયના પૈસા પહેલેથી ભરવા પડે છે, સાથે પસંદગીનું અને ઉપલબ્ધ એવું એક ડોમેઇન નામ મફત અપાય છે અને સુવિધાઓને લીધે પણ પૂરા પૈસા વસૂલ થઈ જાય છે. જો કે થોડા સમય પહેલા એક મોટી ખામી સર્જાવાને લીધે અહીં હોસ્ટથયેલી ઘણી વેબસાઈટ બંધ થઈ જતી હતી. (આ સમયગાળાને ડાઊનટાઈમ કહેવાય છે.) પણ તે એક દુર્ઘટનાને બાદ કરતા સતત ખૂબ સુંદર સેવા.

- Hostgator. એક ખૂબ સરસ કંપની, અહીં દર્શાવેલી સેવાઓમાં લગભગ અનોખી, કારણકે તે રીસેલ હોસ્ટિંગ (reseller hosting) પણ આપે છે. જ્યાં એક વેબસાઈટ ડિઝાઈનર પોતાના ગ્રાહકોને વેબસાઈટનું આંશિક નિયંત્રણ કંટ્રોલ પેનલ દ્વારા આપી તેમની પાસેથી સેવા બદલ શુલ્ક વસૂલ કરી શકે છે. વેબ ડિઝાઈનરો માટે સરસ સગવડ.

- Dreamhost. આવી સેવાઓ માટેની વધુ એક સરસ કંપની.



Ver. 1.01 - © Copyright 2011

ધ્યાનમાં રાખશો :

- યાદ રાખો કે જો તમારી હોસ્ટિંગ કંપની તમને અનેક અસંખ્ય ડોમેઇન હોસ્ટ કરવા પરવાનગી આપતી હોય તો પણ તમારે દરેક ડોમેઇન માટે અત્યારના ભાવ મુજબ વાર્ષિક લગભગ $10 ચૂકવવા પડશે.
- એ વધુ પસંદગીભર્યું છે કે તમે વર્ડપ્રેસને લિનક્સ હોસ્ટિંગ સર્વર **(Linux hosting server) પર ઈન્સટોલ કરો, કારણકે વર્ડપ્રેસ મુખ્યત્વે તેના માટે જ બનાવાયેલુ છે. જો કે બધા ઓછી કિંમત વાળા હોસ્ટ પણ લિનક્સ આધરીત સગવડ પર હોય છે એટલે સમસ્યા સર્જાતી નથી. આમ છતાં વિન્ડોઝ હોસ્ટિંગ પર પણ વર્ડપ્રેસ સમસ્યા વગર ચાલે છે.**
- ફક્ત ભાવને ધ્યાનમાં રાખીને કદી હોસ્ટિંગ ખાતું ખરીદશો નહીં. તમારા ડોમેઇન ખાતા સાથે ઇ-મેલ ખાતા જોડાયેલા હોય (જેમ કે you@yourdomain.com) તો તમારા ઇ-મેલ તમારી હોસ્ટિગ કંપની અને તેમના વેબસર્વર દ્વારા જાળવવામાં આવે છે, તેથી જો સર્વર ખોરવાય (ડાઉન થઈ જાય) તો તમારા ઇ-મેલ પણ ખોરવાઈ જશે (ક્યારેક દિવસો સુધી પણ)
- જો તમે PHP શીખી રહ્યા હોવ અને / અથવા PHP માં વેબસાઈટ બનાવી રહ્યા હો તો એ આખા પ્રાયોગિક સમય માટે તમારે હોસ્ટિંગ ખરીદવાની જરૂર નથી, તમે એના કરતા લોકલ સર્વર હોસ્ટિંગ (local server hosting) નો ઉપયોગ કરી શકો જેની મદદથી ફક્ત થોડીક જ મિનિટોમાં તમે તમારા કોમ્પ્યુટર પર એ જ સિસ્ટમ ઈન્સ્ટોલ કરી શકો છો, સાથેસાથે આ એક મજાની રમત પણ થઈ રહેશે.
- જો શક્ય હોય તો તમારી વેબસાઇટ એ જ હોસ્ટ સાથે બનાવો જ્યાં તમે તેને કાયમ હોસ્ટ કરવાના હોવ, કારણકે એક થી બીજા હોસ્ટ પર વેબસાઈટ ફેરવવી ઘણી વખત મુશ્કેલીભર્યું બની શકે છે. એક જીવંત વેબસાઈટના ડોમેઇન બદલવા એ બહુ મુશ્કેલ પ્રક્રિયા નથી. એક હોસ્ટ પાસેથી બીજા હોસ્ટ પાસે વેબસાઈટ ફેરવવા વિશે વિગતે ફરી ક્યારેક વાત કરીશું.
- જો તમે તમારી હાલની વેબસાઈટનું સુધારાવધારા સાથેનું નવું સ્વરૂપ બનાવી રહ્યાહોવ તો પ્રથમ તેને એક સબ ડિરેક્ટરીમાં (જેમ કે http://mycompany.com/new), બનાવો, અને તેના બરાબર ચાલતા હોવાની ખાત્રી થયા પછી તેને મૂળ ડિરેક્ટરીમાં મૂકો.


Ver. 1.01 - © Copyright 2011

## *તમારા હોસ્ટિંગ ખાતા પર વર્ડપ્રેસ ઈન્સ્ટોલ કરવું*

લગભગ બધા જ વેબ હોસ્ટ પાસે 2-click WordPress installer નામની સગવડ હોય છે. આ વિશે વધુ જાણવા ગૂગલ સર્ચમાં "Installing WordPress on [your hosting company]" નાખીને શોધ કરો. અથવા વર્ડપ્રેસ.ટીવી પર આ માટે માર્ગદર્શન જુઓ. આ કડી પર જઈને અમુક વેબહોસ્ટ માટે વર્ડપ્રેસ ઈન્સટોલ કરવાની રીત જાણી શક્શો.

વર્ડપ્રેસ ઈન્સ્ટોલેશનમાં મુખ્યત્વે બે હિસ્સા હોય છે, PHP ફાઈલ અને MySQL ડેટાબેઝ. એટલે વર્ડપ્રેસનું બેકઅપ લેવા આ PHP ફાઈલો અને ડેટાબેઝ બંનેનો સંપૂર્ણ બેકઅપ લેવો પડશે. (WP-DB-Backup એ પ્લગિન વડે) વેબસાઈટનો બેક અપ કઈ રીતે લઈ શકાય તે માટે નીચેના ફકરાઓમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તમારી વેબસાઈટની આખીય રૂપરેખા અને બધો સંગ્રહ આ ડેટાબેઝમાં હોય છે, તેથી PHP ફાઈલ કદાચ ન સચવાય તો પણ મોટી સમસ્યા સર્જાતી નથી, (જો કે વધુ મહેનત ટાળવા અગમચેતી માટે એપણ સાચવવું જરૂરી છે) તમારા વેબ હોસ્ટ દ્વારા અપાયેલ હોસ્ટિંગ કંટ્રોલ પેનલ (cPanel) દ્વારા બેકઅપ લઈ શકાય છે.

## *તમારા ડોમેઇન સાથે ઇ-મેલ ખાતું બનાવવું*

આ કામ તમારા વેબહોસ્ટ દ્વારા અપાયેલ કંટ્રોલ પેનલમાંથી જ કરી શકાય છે. તમારા ડોમેઇન સાથે સંકળાયેલ ઇ-મેલ સરનામું (જેમ કે me@mycompany.com) બનાવવાના બે રસ્તા છે.

- ઇ-મેલ ફક્ત રવાના કરતું, **Forwarding email address** ફક્ત તમારા ઇ-મેલ ને ઇ-મેલ સુવિધાઓ સુધી પહોંચાડી આપે છે જેમ કે તમારું જીમેલ અથવા યાહૂ મેલ
- **એક POP3 ઇ-મેલ સરનામું તમારા ઇ-મેલને તમારા વેબહોસ્ટના સર્વર પર સંગ્રહે છે અને સાથે સાથેતમારા ઈ-મેલ સોફ્ટવેર મારફત તમારા કોમ્પ્યુટરમાં ડાઉનલોડ પણ કરી આપે છે. (જેમ કે માઇક્રોસોફ્ટ આઉટલુક)**

બંને વિકલ્પોના પોતાના ફાયદા છે, આઉટલુક જેવા ઇ-મેલ કાર્યક્રમો મારફત ઇ-મેલ તમારા સર્વર પરથી મેળવવુ, વેબ આધારીત ઇ-મેલ (જેવા કે જી મેલ) કરતા ઝડપી અને


Ver. 1.01 - © Copyright 2011

સરળ રહે છે. જો કે બીજી તરફ વેબ આધારીત ઇ-મેલ તમે ગમે તે કોમ્પ્યુટર પર ઇન્ટરનેટ જોડાણ મારફત વાપરી શકો છો, અને મહદંશે સ્પામ ઇ-મેલ સામે તેમાં વધુ સુરક્ષા વ્યવસ્થા હોય છે.

નોંધ : મહદંશે બધી વેબ હોસ્ટિંગ કંપનીઓ તેમના POP3 ઇ-મેલ ખાતાઓ સાથે વેબમેલ સુવિધા આપે છે, જેથી તમે POP3 વડે તમારા ઇ-મેલ જોઇ શકો અને ગમે તે નેટ સુવિધા મારફત અન્ય કોઇ સ્થળે પણ મેલ જોઇ શકો, પણ એક વાર તમે એ POP3 ઇ-મેલ સર્વર પરથી તમારા કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરી લો (એ વંચાઈ જાય) પછી વેબમેલ વડે તમે તેને જોઇ શક્શો નહીં.

## વર્ડપ્રેસ – મૂળભૂત વિભાવના અને રૂપરેખા

તમારા ડોમેઇન નામ સાથેના તમારા વેબહોસ્ટિંગ સર્વર પર વર્ડપ્રેસ ઇન્સ્ટોલ કર્યા પછી એક થીમ લઈને આપણે આ આખી રૂપરેખા સમજીએ. આ માટે આપણે એક થીમનું ઉદાહરણ લઈએ. આ સમજવું જરૂરી છે જેથી તમારી વેબસાઈટની રૂપરેખા અને તેના વિવિધ વિભાગો તરફ જવાની કડીઓ – નેવિગેશન યાદી બનાવી શકો.

દરેક થીમ એક બીજાથી એક અથવા બીજા સ્વરૂપે અલગ પડે છે, છતાં તેમાં અમુક લઘુત્તમ સામાન્ય તત્વો હોય છે જે નીચેના ચિત્રમાં દર્શાવ્યા છે.

**નોંધ** :

- જ્યારે તમે વર્ડપ્રેસ ઇન્સ્ટોલ કરો ત્યારે તે ઇન્સ્ટોલર આપમેળે એક પાનું બનાવે છે, જે "About" ના મથાળા સાથે હોય છે, એક પોસ્ટ બનાવે છે જેનું મથાળુ હોય છે "Hello World", અને કડીઓની એક યાદી દર્શાવે છે તેને "Blogroll" ના વિભાગ તરીકે દર્શાવાય છે. સૌપ્રથમ વસ્તુ જે સામાન્ય રીતે ઇન્સ્ટોલેશન પછી બધા વપરાશકારો કરતા હોય છે તે છે આ આપોઆપ આવેલ વસ્તુઓ રદ્દ કરવી, (delete) અને તેને સ્થાને તમારી પોતાની વિષયવસ્તુઓ અને મથાળાઓ ઉમેરવા. પાનું, પોસ્ટ અને કડીનો ભેદ સમજવા નીચેના ચિત્રને જુઓ.


Ver. 1.01 - © Copyright 2011




- તમે તમારા સાઈડબારમાં વિષયવસ્તુ ઉમેરો એ પહેલા, ઇન્સ્ટોલેશન દ્વારા તેમાં વર્ડપ્રેસ અમુક સાધારણ પ્લગિન ઉમેરી આપશે, ઉપરના ચિત્રમાં દર્શાવ્યા મુજબ સાઈડબારમાં વિભાગો (Categories), સંગ્રહ (Archives), તાજા પોસ્ટસ (Recent Posts) અને કડીઓ (Links) જેવા વિજેટ હશે. તમારી પોતાની વિષયવસ્તુ વડે તેને બદલવા નીચે વાંચશો.
- પાના પરની વિવિધ વિભાગો તરફ જવાની કડીઓ – નેવિગેશન વેબસાઈટના ઉપરના ભાગે, મુખ્ય બેનર (જો હોય તો) ની ઉપર અથવા નીચેના ભાગે, આડા વિકલ્પો સ્વરૂપે ગોઠવાયેલ (માઉસનુ પોઇન્ટર લઈ જતાં આપ મેળે નીચે દેખાતી અથવા ક્લિક કરીને જોઈ શકાય તેવી કડીઓ સ્વરૂપે) જોવા મળશે. અને/અથવા તમે તેને પાનાંના ("pages") વિજેટ સ્વરૂપે ડાબી અથવા જમણી તરફના સાઈડબરમાં મૂકી શકો.
- પાના પરથી વિવિધ વિભાગો અને અન્ય પાનાંઓ પર જવાની કડીઓ દર્શાવતો આડો પટ્ટો ફક્ત તમારા સ્થિર પાના જ દર્શાવશે. (static pages) અને તે આપમેળે બનેલ હોય છે છતાં હવે વર્ડપ્રેસના નવા વર્ઝનોમાં તમે ત્યાં બ્લોગના વિવિધ વિભાગો, બ્રાહ્ય કડીઓ જેવુ કાંઈ પણ ઉમેરી શક્શો.
- ઉપર દર્શાવેલા ચિત્રમાં વેબસાઈટનું મથાળુ અને તેની નીચેની ઉપપંક્તિ બેનર


Ver. 1.01 - © Copyright 2011

ઇમેજની ઉપર આવી શકે છે. અથવા તમે તમારી વેબસાઈટના મથાળા અને ઉપપંક્તિને હટાવીને તેમને તમારા બેનરના ચિત્રમાં ટેક્સ્ટ સ્વરૂપે મૂકી શકો છો.

- તમારે એ નક્કી કરવું જોઈએ કે તમારે ઉપર આવેલ મુખ્ય મેનુ પટ્ટી રાખવી છે કે નહીં, અને જો એમ હોય તો સાઈડપટ્ટીમાં તમે શું મૂકવા કે દર્શાવવા ધારો છો. તમારી થીમના આધારે તમે મહત્તમ ચાર સાઈડબાર - બાજુપટ્ટીઓ રાખી શકો છો, ડાબી તરફ પ્રાથમિક, ડાબી તરફ અંદર, જમણી તરફ પ્રાથમિક અને જમણી તરફ અંદર. કેટલીક થીમ તમને અમુક વિશેષ પાના પર અમુક જગ્યાએ બાજુપટ્ટીઓ દેખાડી શકવાની ક્ષમતા આપે છે જેમ કે મુખપૃષ્ઠ પર એક અને અન્ય પૃષ્ઠો પર બે બાજુપટ્ટીઓ.

# યોગ્ય થીમની પસંદગી કરવી

## *એક સરળ અને સુંદર થીમ શોધવી*

ઘણા કારણોને લઈને આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે કે તમે કઈ થીમ તમારી વેબસાઈટ માટે વાપરવા માંગો છો :

- તમારી વેબસાઈટનો દેખાવ અને પ્રાથમિક અનુભવ તમારી પસંદ કરેલી થીમ પર આધાર રાખે છે. એક સારી થીમ સરસ રીતે ડિઝાઈન કરેલી વેબસાઈટનું ક્લેવર આપે છે જ્યારે નબળી થીમ અણઘડ રીતે બનાવાયેલી વેબસાઈટ જેવી લાગે છે.
- વેબસાઈટ માટે ડોમેઇન અને હોસ્ટ પછી વિષયવસ્તુ ગોઠવતા પહેલા થીમ પસંદ કરી લેવી જોઈએ કારણકે તમારી વિષયવસ્તુના ઈ-સર્જનમાં અને દેખાવમાં એ થીમનો પોતાનો ફાળો હશે, જેમ કે એક, બે અથવા ત્રણ સાઈડબાર – બાજુપટ્ટી, વેબસાઈટની પહોળાઈ વગેરે. જો કે વર્ડપ્રેસમાં થીમ અને વિષયવસ્તુ એક બીજા પર આધારિત ન હોવાને લીધે તમે ગમે ત્યારે થીમ બદલી શકો છો, (જો તમે થીમના કોડમાં ફેરફાર ન કર્યો હોય તો) પણ આમ કરતા એક થીમને તમારો પોતાનો અંદાઝ આપવામાં થયેલી મહેનત વેડફાઈ જશે. માટે સૌપ્રથમ એક થીમ પસંદ કરી તેને ધ્યાનમાં રાખીને વેબસાઈટ બનાવવી હિતાવહ છે.
- થીમમાં તમે ઓછાવત્તા અંશે સુધારા વધારા કરી શકો છો. જો કે કોઈપણ થીમના PHP થીમ ફાઈલો ના કોડ બદલવાથી તે થીમમાં જોઈતો ફેરફાર કરી શકાય છે, પણ આ વિશેષ ટેકનીકલ અને સમય લેનાર કામ બની રહેશે. માટે શક્ય હોય ત્યાં


Ver. 1.01 - © Copyright 2011

સુધી એવી થીમ પસંદ કરો જેમાં તમારી પસંદગીના લે-આઉટ અને જોઈતી મહત્તમ સગવડો હોય. થીમનું ફ્રેમવર્ક – માળખુ બદલી શકાય તેવા વિકલ્પો વાળી થીમ પસંદ કરો (આના વિશે આગળ વિગતે સમજાવ્યું છે.) તેનાથી તમે કોડ કે થીમ બદલ્યા વગર થીમના વિકલ્પોમાંથીજ મુખ્ય ફેરફાર કરી શક્શો જેમ કે એક અથવા બે સાઈડબાર રાખવા અથવા તેમને ડાબે કે જમણે ગોઠવવા.

થીમ પસંદગી વિજ્ઞાન કરતા વિશેષ એક કળા છે, પણ હું મિત્રોને થીમ પસંદ કરવામાં કઈ રીતે શરૂઆત કરવા કહું છું તે જુઓ...

1. વર્ડપ્રેસની પ્રચલિત મફત થીમ માં સૌપ્રથમ જુઓ – તમારી જોઈતી થીમ તમને શરૂઆતમાં અહીં જ મળી જાય અથવા જો એમ ન થાય તો તમને કેવી થીમ જોઈએ છે તેનો પ્રાથમિક વિચાર તો અહીંથી મળી જ રહેશે. યાદ રાખો કે તમને ખૂબ ગમી ગઈ હોય ને દેખાવમાં સારી લાગે તે છતાં માળખાગત થીમની સામે આવી પ્રચલિત થીમ વાપરવાના ગેરફાયદા પણ છે.
2. કોઈ વિશેષ ધંધાકીય હેતુ માટે જો તમે થીમ શોધતા હોવ તો વર્ડપ્રેસ.ઓર્ગ મફત થીમની યાદી એક વખત જોઈ જાવ અથવા ગૂગલ સર્ચ માં શોધો જેમ કે, "WordPress theme for therapist".
3. Artisteer ($50) એક વખત જોઈ જાવ. આ વિન્ડોઝ નું એક સોફ્ટવેર છે જેની મદદથી તમે થીમની રૂપરેખા અને ડિઝાઈન કરી શકો અને જોઈતા વિકલ્પો મેળવી શકો તે માટેની વ્યવસ્થા અહીં છે. જોઈતી ડિઝાઈન થઈ જાય એટલે તેને "export" કરીને તમારી સાઈટના થીમના ફોલ્ડરમાં FTP મારફત અપલોડ કરો. દેખાવમાં સુંદર અને અનોખી વેબસાઈટ આ સોફ્ટવેરથી બનાવી શકાય છે. જુમલા અને ડ્રુપલ જેવી CMS માટે પણ આ સોફ્ટવેર વાપરી શકાય છે.
4. **જો કે સૂચિત થીમ ફ્રેમવર્ક ના કેટલાક ઉદાહરણો છે :**
    - Atahualpa (મફત, વર્ડપ્રેસના ડેશબોર્ડ પરથી ઈન્સ્ટોલ કરી શકાય છે.
    - Thesis થીમ
    - iThemes માળખુ
    - Studio Press ની બધી થીમ


Ver. 1.01 - © Copyright 2011

હવે એક અગત્યની વાત, આવી માળખાગત થીમ વાપરવાનુ મુખ્ય કારણ છે કે સમયાનુસાર જ્યારે તમારે વેબસાઈટનું માળખુ બદલવુ હોય, ત્યારે તે તમે વર્ડપ્રેસના ડેશબોર્ડમાંથી થીમના વિકલ્પો પર ક્લિક કરવાથી બદલી શક્શો અને તે માટે તમારે થીમની વિવિધ ફાઈલના PHP કોડ બદલવાની કડાકૂટ નહીં કરવી પડે. યાદ રાખો, *વર્ડપ્રેસની સાથે તમે ધારો તે લગભગ બધા પ્રકારની વેબસાઈટ બનાવી શકાય છે.* – જો કે એ તમારી થીમ પર આધાર રાખે છે કે તમે ધારેલા હેતુ પાર પાડી શકાય કે નહીં (અને /અથવા તેને યોગ્ય પ્લગિન છે કે નહીં) મદદની ગુણવત્તા પણ મહત્વની વાત છે, મહદંશે પૈસા ખર્ચીને ખરીદેલી થીમ પર સુંદર મદદ મળી રહે છે, જ્યારે સામાન્ય થીમમાં આવુંથતું નથી, જો કે Atahualpa જેવી થીમમાં વપરાશકારોના ફોરમમાં પણ મદદ મળી રહે છે.

5. વિશેષ ઉલ્લેખ (યોગ્ય રકમ ચૂકવીને ખરીદી શકાય તેવી થીમ ): વૂ થીમ્સ અને થીમ ફોરેસ્ટ ની થીમ (થીમ ફોરેસ્ટ $3 અને તેથી વધુ રકમ લઈને થીમ વેચતી અનેક થીમની મોટી સૂચી ધરાવે છે.)
6. વિશેષ ઉલ્લેખ (મફત) : વ્હાઈટ હાઉસ, હાયબ્રિડ, થીમેટિક, રેવોલ્યૂશન અને લ્યાસા. આ બધી વેબસાઈટ તમારા વર્ડપ્રેસ ડેશબોર્ડમાંથી તરત ઈન્સ્ટોલ કરી શકાય તેવી સરસ ઉપયોગી મફત થીમ આપે છે.
7. જો તમારે ડ્રોપડાઉન મેનુ ની જરૂર હોય તો એ વિશે વિશેષ થીમ જુઓ કારણકે એ બધી થીમમાં નહીં મળે. પણ જો તમારી ધંધાકીય વેબસાઈટમાં દસથી ઓછા પાના હોય તો ડ્રોપડાઉન મેનુ વાપરશો નહીં.

## *થીમ ઇન્સ્ટોલ કરવી અને જીવંત કરવી*

જો તમે વર્ડપ્રેસ.ઓર્ગ માંથી ઉપલબ્ધ કોઈ થીમ વાપરવા માંગતા હોવ તો તમારી વેબસાઈટના વર્ડપ્રેસ ડેશબોર્ડમાંથી **Appearance > Add New Theme**, પસંદ કરો, તમારી મનગમતી થીમનું નામ ત્યાં આપીને શોધો, અને પછી અનુક્રમે install તથા activate પર ક્લિક કરો.

જો તમે અન્ય સ્થાનેથી મેળવેલી અથવા ખરીદેલી કોઈ થીમ વાપરવા માંગતા હોવ તો તમારે સૌપ્રથમ તેને અપલોડ કરવી પડશે. ત્યારબાદ જ તમે તેને એક્ટિવ કરી શક્શો.


Ver. 1.01 - © Copyright 2011

આ માટેનો સરળ રસ્તો છે તમારા વર્ડપ્રેસ ડેશબોર્ડમાં જઈને **Theme > Add New Theme** પર ક્લિક કરો, ત્યાર બાદ આવતા પાના પર **"Upload"** બટન દબાવો અને .zip પ્રકારે સંગ્રહેલી તમારી થીમને ત્યાં સૂચવો અને ત્યાર બાદ અપલોડ કરો.

બીજો રસ્તો છે થીમને unzip કરો અને તેને FTP મારફત તમારી વેબસાઈટના ફોલ્ડરમાં સર્વર પર અપલોડ કરો. આ માટે તમારે FTP માટેનું વિશેષ સોફ્ટવેર જોઈશે (હું વાપરું છું ફાઈલઝિલા), સાથે તમારી પાસે તમારા વેબ હોસ્ટ ખાતાનાં વપરાશકર્તા નામ – username અને સાંકેતિક શબ્દ - password જોઇશે.

## *તમારી થીમમાં જોઈતા ફેરફાર કઈ રીતે કરશો?*

થીમ ઇન્સ્ટોલ કર્યા બાદ સૌપ્રથમ થીમના બેનર અને લોગો બદલીને તમારી સંસ્થાના અથવા વેબસાઈટના બેનર અને લોગો મૂકો. બેનર બનાવવા તમે ઓનલાઈન મફત ઉપલબ્ધ અનેક નાના સોફ્ટવેર વાપરી શકો છો અથવા ફોટોશોપ જેવા સોફ્ટવેરના વિભાગો ખરીદી શકો જે આશરે $25 થી $50 માં ઓનલાઈન ઉપલબ્ધ છે.

સામાન્ય રીતે તમારી બેનર ઇમેજ ને FTP મારફત અપલોડ કરો અને તેને તમારા સર્વરપર યોગ્ય ફોલ્ડરમાં મૂકો અથવા જો થીમના વિકલ્પોમાં બેનર ઉમેરવાનો વિકલ્પ હોય તો ત્યાંથી પણ ઇમેજ અપલોડ કરી શકાય.

**જો તમે તમારી થીમ Artisteer વડે બનાવી હશે તો** તે સોફ્ટવેર વડે જ બધી ગોઠવણ થયેલી હશે, એટલે થીમ તૈયાર થાય કે તરત બધી જરૂરતો તમારી મુજબ તૈયાર હશે.

**અથવા** : તમારી થીમના વિકલ્પો જુઓ, એ માટે જાઓ *WordPress Admin > Appearance > Theme Options*. જો તમે માળખાગત થીમ વાપરતા હશો તો તમે તમારી વેબસાઈટની પહોળાઈ, સાઈડ પટ્ટીઓની ગોઠવણ જેવા અનેક વિકલ્પો વાપરી શક્શો.

શ્રેષ્ઠ થીમ અને માળખાગત થીમ તમને તમારી વેબસાઈટના દરેક ભાગ અને દરેક ઘટક પર નિયંત્રણ આપે છે, જેમ કે પાર્શ્વભાગનો રંગ, ફોન્ટ, આસપાસની જગ્યાઓ વગેરે. આ માટે તમારે કદાચ કોમ્પ્યુટરની એક ભાષા એવી CSS ની થોડી જાણકારી જોઇશે. જો કે આ


Ver. 1.01 - © Copyright 2011

ખૂબ સરળ છે અને જો શંકા હોય તો ગૂગલમાં તમે CSS background color લખીને શોધો. અથવા એ માટે જાઓ આ લિન્ક W3Schools CSS tutorial પર.

જો તમારા થીમના વિકલ્પોમાં CSS ફેરફાર કરવાની સગવડ ન હોય તો પણ તમે CSS ફાઈલ માં સુધારાવધારા કરી શકો છો. જો કે એ થોડું ટેકનીકલ વધુ થઈ જશે. તમારી વેબસાઈટની CSS ફાઈલ જોવા અને ફેરફાર કરવા જાઓ ડેશબોર્ડમાંથી **Appearance > Edit** અને પછી ત્યાંથી CSS ફાઈલ મેળવો.

જો કે વેબસાઈટ માટે CSS ફેરફાર કરવા એક સરસ વિકલ્પ રૂપે નાનકડુ સોફ્ટવેર ઉપલબ્ધા છે જે છે ફાયરબગ, જે ફાયરફોક્સ બ્રાઉઝરનું એક વધારાનું પાસુ છે. આની મદદથી તમને પસંદ પડે તે કોઇ પણ વેબસાઇટના વિશેષ ઘટકના CSS ને જોઇ શક્શો, તેને વાપરી શક્શો અને પરિણામ જોઇ શક્શો. આમ તમે ઇન્ટરનેટ પરની કોઇ પણ વેબસાઇટના કોડને જોઇ, તેની નકલ કરી તમારી વેબસાઇટ માટે વાપરી શક્શો. અને કાયદાકીય રીતે એ કરવુ કાંઇ ખોટું પણ નથી.

અન્ય કોઇ પણ વેબસાઈટના રંગો વિશેની ગોઠવણ અને માહિતિ ફાયરફોક્સ બ્રાઉઝરના Colorzilla plugin ની મદદથી જોઇ શક્શો. CSS કોડમાં રંગો માટેના વિશેષ સાંકેતિક ઉપનામો – કોડ જેવા કે **#AA0944** – ની જરૂરપડે છે. અહીં લાલ લીલા અને ભૂરા રંગો માટે અનુક્રમે બબ્બે અંકો હોય છે.

એક વાર તમારી વેબસાઇટના જોઇતા રંગો, દેખાવ અને ગોઠવણ નક્કી કરી લો એ પછી સાઇડબાર ગોઠવવા માટે આગળ વધો.

## *Atahualpa થીમ માટે વિશેષ સૂચનો*

અમે યૂ-ટ્યૂબ પર આ માટે એક વિશેષ 30 મિનિટનો વિડિયો બનાવ્યો છે જે Atahualpa થીમ માટે ઉપરોક્ત ગોઠવણ કેમ કરવી એ સૂચવશે જુઓ :

http://www.youtube.com/user/everymanmarketing


Ver. 1.01 - © Copyright 2011

## વર્ડપ્રેસની મૂળભૂત રૂપરેખા અને ગોઠવણ

એક વખત તમે થીમ ઇન્સ્ટોલ કરી દો ત્યાર બાદ તમારે તમારી વર્ડપ્રેસ વેબસાઇટને ગોઠવવાની જરૂર પડશે.

વર્ડપ્રેસના ઘણા મૂળભૂત વ્યવસ્થાપનો બરાબર ઉપયોગી છે, પણ નીચેના જરૂરી ફેરફારો કરવા માટે તમારી વેબસાઇટના ડેશબોર્ડમાં http://yoursiteaname.com/**wp-admin** થી જાવ

- **Settings > General:** તમારા બ્લોગનું નામ અને વિશેષ ઉપપંક્તિ (જે વેબસાઈટના ઉપરના ભાગે દેખાશે.
- **Settings > Writing : "Enable the WordPress, Movable Type, MetaWeblog and Blogger XML-RPC publishing protocols." પર ક્લિક કરો જેથી વિન્ડોઝ લાઈવ રાઈટર (Windows Live Writer) વાપરી શકાય.**
- **Settings > Reading:** અહીંથી ગોઠવી શકાય કે તમારી વેબસાઈટ એક બ્લોગ હશે (મુખપૃષ્ઠ પર નવી મૂકાયેલી વિષયવસ્તુઓ) કે એક સ્થિર વેબસાઈટ હશે (સ્થિર વિગતો ધરાવતું પાનું). સ્થિર પાનુ પસંદ કરવા નીચે મુજબ કરો, બે પાના બનાવો, જેમ કે "**Home**" (આ તમારુ મુખપૃષ્ઠ હશે), અને "**Blog**" (આ બદલાતુ રહેતુ પૃષ્ઠ હશે, વર્ડપ્રેસ તમે મૂકેલ નવા વિષયવસ્તુને આપોઆપ - પ્રસિદ્ધ થયાના ક્રમમાં આ પાના પર ગોઠવી આપશે.) તે પછી **Front Page displays > A static home page** પસંદ કરો અને "**Home**" તથા "**Blog**" ડ્રોપડાઉન વિગતોમાં પસંદ કરો





Ver. 1.01 - © Copyright 2011

હવે તમારી વેબસાઇટ જુઓ, ઉપરના મુખ્ય નેવિગેશન મેનુ માંથી બ્લોગ “Blog” પસંદ કરો અને તમને તમારી નવીન કૃતિઓ અહીં દેખાશે.

- **Settings > Privacy. “I would like my blog to be visible to everyone”** પસંદ કરો (આ તમારી વેબસાઈટની robots.txt ફાઈલને બદલશે જેથી સર્ચ એંજિન તમારી વેબસાઈટને શોધ પરિણામોમાં શામેલ કરી શકે.)
- **Settings > Permalinks.** તમારા વિવિધ પૃષ્ઠો અને કૃતિઓના પાનાઓની કડીને URL કહે છે. અહીં જઈને તમે URL માં કૃતિ અથવા પાનાનું મથાળુ ઉમેરી શકો. જો કે ગુજરાતી લેખો માટે પણ કડીઓમાં મથાળુ અંગ્રેજીનું રાખવુ હિતાવહ છે. સામાન્ય રીતે પસંદ કરો વિકલ્પ **Month and Name.**




## પોસ્ટ, પાનાં અને કડીઓ વિશેની સમજણ

આ માટે વર્ડપ્રેસના મૂળભૂત ઘટક તત્વોને ધ્યાનમાં રાખવા.

- **Posts** : પોસ્ટ એ સમય આધારિત કૃતિઓ અથવા વિષયવસ્તુઓ છે, અને સામાન્ય રીતે તમારા બ્લોગ “Blog” પાના પર સમયના ઉતરતા ક્રમ મુજબ જોવા મળશે. જો તમે બ્લોગ પાનું સતંદર રીતે કાઢી નાંખવાનું પસંદ કરી શકો (તમારી વેબસાઈટમા ફક્ત સ્થિર પાનું અથવા પાનાં હશે.) અથવા તમારી વર્ડપ્રેસ વેબસાઈટને એક બ્લોગ



Ver. 1.01 - © Copyright 2011

તરીકે બનાવો, અહીં મુખપૃષ્ઠ પર તાજા પ્રસિદ્ધ વિષયવસ્તુ દેખાશે. (આ મૂળભૂત ગોઠવણ છે.) પોસ્ટ પર પ્રતિભાવ આપવાની સગવડ હોય છે, જો કે તમે તેને સતંદર બંધ કરી શકો અથવા જરૂરી પોસ્ટ પર તેને સમય પૂરતું રોકી શકો છો. પોસ્ટ ને વિભાગો "**categories**" હોય છે. એ વિભાગો તમે **Posts > Categories** માં જઈને ગોઠવી શકો છો. જો તમે કોઇ પોસ્ટ બનાવો પણ તેને કોઇ વિભાગમાં ન મૂકો તો તે આપોઆપ અવર્ગિકૃત "Uncategorized" તરીકે ગોઠવાશે, જેને તમે "Uncategorized" ને બદલે ધારો તે નામ આપી શકો છો. કૃતિઓના – પોસ્ટના વિભાગો સાઈડબારમાં એક વિજેટ "Post categories" વાપરીને દર્શાવી શકાય છે.

- **Pages** પાનુ એ સ્થિર પાનાં **static pages** ને દર્શાવતો શબ્દ છે.– એ કાયમ દર્શાવાતી, સમય પર આધારીત નહીં એવી વિષયવસ્તુ પ્રદર્શિત કરે છે, જેમ કે મુખપૃષ્ઠ, અમારા વિશે અથવા સેવાઓ અથવા સંપર્ક વિગતો વિશેના પાનાં. સામાન્ય રીતે પાનાંઓમાં પ્રતિભાવો આપવાની જરૂર હોતી નથી. અને તે આર એસ એસ ફીડનો પણ ભાગ હોતા નથી.(આર એસ એસ ફીડ વિશે વધુ જાણવા આ લેખ જુઓ) તમારી વેબસાઈટના પાનાઓની કડીઓ દર્શાવતો મુખ્ય આડો પટ્ટો આપોઆપ પાનાંઓની કડીઓ દર્શાવે છે (પોસ્ટની નહીં, ફક્ત પાનાંની કડીઓ). પાનાઓને વિભાગ - Category હોતા નથી, પણ તેમને ચડતા કે ઉતરતાસ્તરમાં ગોઠવી શકાય છે, (જેમ કે એક પાનાનું ઉપપાનું બનાવી શકાય) આ ગોઠવણથી એક ડ્રોપ ડાઉન મેનુ બનશે (થીમ જો આ સગવડ ધરાવતી હોય તો), જેમ કે :




"Resources", "About us" એ મુખ્ય સ્તરના પાનાં છે, "WordPress Themes" વગેરે "Resources" પાના ના બીજા સ્તરના અથવા બાળ પાનાં છે.

- **Links** – કડીઓ ફક્ત કડીઓ છે – (url's) તમારી વેબસાઈટના વિવિધ પાનાંઓ પર અથવા બ્રાહ્ય પાનાઓ પર જવાના સરનામાઓની યાદી. કડીઓને પણ વિભાગો - **categories** હોય છે. (જે પોસ્ટના વિભાગોથી અલગ હોય છે). કડીઓના વિભાગોની વિશેષતા એ છે કે સાઈડબારમાં આપોઆપ તમારી બધી કડીઓ અને તેના વિભાગો દર્શાવવા એક વિજેટ "Links" વપરાય છે.


Ver. 1.01 - © Copyright 2011

**ધ્યાનમાં રાખો :**

- તમારા ડેશબોર્ડમાં અલગ અલગ જગ્યાઓએ પોસ્ટ, પાનાં અને કડીઓ તમે ઉમેરતા જશો તેમ આપોઆપ સર્જાઈ જશે.
- અમુક વિજેટ વાપરીને તમે આપોઆપ તમારા પાનાં, તાજા કૃતિઓ, વિભાગવાર કૃતિઓ, સંગ્રહ, પ્રતિભાવો અને બીજી વસ્તુઓ સાઈડબારમાં કોઈ તકલીફ વગર સરળતાથી દર્શાવી શક્શો.

ઉપર સમજાવેલી વિગતોમાં જો હજુ પૂરી સ્પષ્ટતા ન થઈ હોય તો કાંઈ વાંધો નહીં, આગળની વાતો વાંચીને સઘળુ એક સાથે સમજી શક્શો.

## સાઈડબાર – બાજુપટ્ટી અને વિજેટ

સૌપ્રથમ આ શબ્દ વિજેટ વિશે સમજીએ. વિજેટ એ કોમ્પ્યુટરની ભાષામાં વપરાતો એક એવો શબ્દ છે જે નાનકડા ઉપયોગી અને તૈયાર, કોઈ વેબ ડિઝાઈન જાણકારી વગર કે કોડ કરવાની જરૂર વગર વાપરી શકાય તેવા સોફ્ટવેરને દર્શાવે છે. તમારા વર્ડપ્રેસ બ્લોગના સાઈડબારમાં વિવિધ વિષયવસ્તુઓ દર્શાવવા વિજેટ વપરાય છે, જે તમે તમારા ડેશબોર્ડના **Appearance > Widgets** વિકલ્પ પર ક્લિક કરીને, પસંદગીના વિજેટ પર માઉસના ડાબા બટનથી ક્લિક કરી તેને પકડી રાખી સાઈડબારના વિભાગમાં ખેંચી બટન છોડી દેવાથી ઉમેરી શકાય છે. એ માટે તમારે જ્યાં વિગત દર્શાવવી છે તે માટેની યોગ્ય જગ્યા પસંદ કરી ત્યાં મૂકી શક્શો.




આ માટે વધુ જાણકારી જોઈએ તો વર્ડપ્રેસ.ટીવીના [વિજેટ વિશેની વધુ સમજણના વિડીયોને]


Ver. 1.01 - © Copyright 2011

જુઓ.

હવે જોઈએ એ માટેની પ્રક્રિયા વિગતવાર

1. તમારા વર્ડપ્રેસ ડેશબોર્ડમાં **Appearance > Widgets** મેનુ માં જાવ.
2. ડાબી તરફના ભાગમાં ઉપલબ્ધબધા વિજેટ તમને દેખાશે જેમાંથી કેટલાક માન્ય વિજેટ વર્ડપ્રેસના ઇન્સ્ટોલેશન વખતે આપોઆપ મૂકાઈ ગયા હશે. વધારાના વિજેટ ડાબી તરફ હશે, આ સિવાયની સુવિધાઓ ઉમેરવા પ્લગિન વપરાય છે. જેમ કે "My Link Order" પ્લગિન ઇન્સ્ટોલ કરો એટલે તેનું વિજેટ આપોઆપ બને છે, પણ સાઈડબારમાં મૂકાયેલ હોતુ નથી.
3. સાઈડબારમાં વિજેટ ઉમેરવા સૌપ્રથમ વર્ડપ્રેસ ડેશબોર્ડના સાઈડબાર વિકલ્પની જમણી બાજુની સાઈડબારની નાનકડી પટ્ટી પર નીચે તરફના તીર પર ક્લિક કરી તેને વિસ્તારો. હવે ઉપર દર્શાવ્યા મુજબ ડ્રેગ અને ડ્રોપ પદ્ધતિએ, જોઇતા વિજેટને એ ખાલી વિસ્તરેલી જગ્યામાં ઉમેરો, જેમ કે નીચેના ચિત્રમાં દર્શાવ્યા મુજબ આપણે પાનાઓ માટેના વિજેટ "Pages" ને ડાબા સાઈડબારમાં, કૃતિઓના વિભાગો દર્શાવતા વિજેટ "Category Posts" ની નીચે મૂકી રહ્યાં છીએ. આમ કરવાથી વેબસાઈટ પર ગોઠવ્યા મુજબ સાઈડબારમાં આપોઆપ એ વિગતો દેખાશે.

અહીં નોંધો કે ટેક્સ્ટ વિજેટનો અહીં ભરપૂર ઉપયોગ કરાયો છે. આ વિજેટ HTML કોડ (તથા એ અંતર્ગત ઇમેજ મૂકવા માટે કોડ) વાપરવાની સુવિધા પણ આપે છે, ઘણા આધુનિક ટેક્સ્ટ વિજેટ PHP કોડ પણ વાપરવાની સુવિધા આપે છે !

## *વર્ડપ્રેસ નેવિગેશન સુવિધા અને વિજેટ વિશે વધુ મદદ*

આ માટે હજુ વધારે મદદ અને વિડીયો માટે જુઓ "વર્ડપ્રેસ.ટીવી નો મદદ વિભાગ".


Ver. 1.01 - © Copyright 2011




## HTML and CSS કોડ માટે શિખાઉને માર્ગદર્શન

આ માટે શ્રેષ્ઠ મદદ તમને ખૂબ સરસ કોડ માહિતિ અને તેના ઉદાહરણો સહિત મળશે એક વેબસાઈટ પર જે માટે ક્લિક કરો W3 Schools.

## વર્ડપ્રેસની આંતરીક વિઝ્યુઅલ સંપાદન સુવિધા વાપરવા વિશે

નવુ પાનું અથવા નવી કૃતિ / વિષયવસ્તુ બનાવવા તમારા વર્ડપ્રેસ ડેશબોર્ડમાંથી **Page > Add New** અથવા **Post > Add New** પર ક્લિક કરો. આમ કરવાથી વર્ડપ્રેસની આંતરીક સંપાદન સુવિધા ખુલશે, નીચેના ચિત્રમાં બતાવેલી વસ્તુઓ નોંધો.

વધુ વિગતો માટેના વિડીયો જોવા વર્ડપ્રેસના લેખ સંપાદન કરવા માટેના WYSIWYG પ્રણાલીનો ઉપયોગ કેમ કરશો.

**નોંધ :**

લેખમાં ચિત્રો – ઇમેજ ઉમેરવા માટે બે વિકલ્પો છે. ડાબી તરફ ઉપરના ભાગે “Upload /


Ver. 1.01 - © Copyright 2011

Insert Image” આઇકોન પર ક્લિક કરીને : Upload/Insert જેથી મીડીયા લાઈબ્રેરીમાં ચિત્રો ઉમેરી શકાય છે. અથવા વિન્ડોઝ લાઈવ રાઈટર વાપરીને.




# સૂચિત પ્લગિન સંગ્રહ ઇન્સ્ટોલ કરવા

વર્ડપ્રેસનું પ્લગિન એક નાનકડું સોફ્ટવેર છે જે તમારા વર્ડપ્રેસ બ્લોગમાં વિશેષ હેતુઓને ધ્યાનમાં રાખીને ફક્ત વર્ડપ્રેસ માટે જ કોડનો ઉપયોગ કરીને બનાવાયું છે. ઇન્સ્ટોલ કર્યા પછી તે બ્લોગનો એક આંતરીક ભાગ બનીને કામ કરતું રહે છે. મોટાભાગના પ્લગિન મફત ઉપલબ્ધ છે અને તમારા વર્ડપ્રેસ બ્લોગના ડેશબોર્ડમાંથી સીધું ઇન્સ્ટોલ કરી શકાય છે.

ઇન્સ્ટોલ કર્યા પછી પણ જ્યાં સુધી વિશેષ પ્લગિનને સક્રિય એક્ટિવ ન કરાય ત્યાં સુધી તે ઉપયોગી થતાં નથી. જો કે તે પ્લગિન મેનુમાં યાદી અંતર્ગત દેખાય છે. એક્ટિવ કર્યા બાદ કોઇ તકલીફ કે ખામી સર્જાય તો તેમને નિષ્ક્રિય કરી દેવા જોઇએ જેથી તેમના દ્વારા થતી અસર દૂર થાય. નિષ્ક્રિય પ્લગિનને ડીલીટ પણ કરી શકાય છે, જેનાથી પ્લગિન માટેની ફાઈલો આપોઆપ તમારી વેબસાઈટમાંથી દૂર થશે.

નીચે દર્શાવ્યા છે તે લઘુત્તમ જરૂરી પ્લગિન છે જે અમે તમને સ્વ આયોજિત વર્ડપ્રેસની વેબસાઇટ પર ઇન્સ્ટોલ કરવા સૂચવીશું. આ પ્લગિન **Plugins > Add New**, માં જઈ, શોધ માટેના ખાનામાં તેમના નામ મૂકી શોધવાથી મળી રહેશે, એ બાદ તેમને ઇન્સ્ટોલ કરો અને સક્રિય કરો :



Ver. 1.01 - © Copyright 2011

- **PageMash** : તમારા મુખ્ય નેવિગેશન મેનુમાં તથા સાઇડબારમાં વિવિધ પાનાઓને જોઇતા ક્રમ મુજબ આયોજિત કરવા, અને દર્શાવવા ન હોય એવા પાનાંઓને દેખાતા બંધ કરવા માટે આ ડ્રેગ અને ડ્રોપ પદ્ધતિ આધારીત પ્લગિન વપરાય છે. સામાન્ય રીતે વર્ડપ્રેસમાં તમે ઉમેરેલા બધા પાનાઓ મુખ્ય નેવિગેશન મેનુમાં તથા પેજ વિજેટમાં દેખાશે, જે તમારા માટે કદાચ વણજોઇતી બાબત હોય.
- **My Link Order** : તમારી કડીઓને અને કડીઓના વિભાગોને ડ્રેગ અને ડ્રોપ પદ્ધતિએ ક્રમમા ગોઠવવાની સગવડ આપે છે.
- **Subscribe to Comments:** તમારા વાંચકોએ લેખો પર આપેલા પ્રતિભાવોને સબસ્ક્રાઇબ કરવાની સગવડ આપે છે, (જ્યારે એક વાચક કોઇ બીજાના પ્રતિભાવનો જવાબ આપે તે માટેની સૂચના મેળવવા ઉપયોગી થઇ પડે છે.)
- **WP-reCaptcha:** પ્રતિભાવ આપતા લોકોને જરૂરી વિગતો સાથે ચાર અંકનો કોડ ઉમેરવાનો રહેશે, જેથી સ્પામ પ્રતિભાવો રોકી શકાય. અનેકો સ્પામ પ્રતિભાવોને આવતા રોકવા આ જરૂરી પ્લગિન છે. આ સિવાય Akismet અને SI Captcha પણ વપરાય છે. જો કે Akismet ઘણી વખત યોગ્ય પ્રતિભાવોને પણ સ્પામ દર્શાવે છે. છતાંય એક સરસ સગવડ છે.
- **Redirection:** તમને એક પાનાને બીજા પાના તરફ આપોઆપ મોકલવાની સુવિધા આપે છે. જ્યારે તમે કોઇ એક પાના કે કૃતિની કડી બદલો ત્યારે નવી કડી તરફ જૂની કડી પર જનારા વાચકોને મોકલવા જેવા કામ માટે આ વપરાય છે.
- **All-in-One SEO:** વેબવિશ્વમાં શોધ સંચાલન અને મેટા ટેગને ગોઠવવા - જાળવવા તથા વેબસાઇટ વિવરણને આયોજિત કરવા આ વપરાય છે. કેટલીક થીમ (જેમ કે થીસીસ) તેના પોતાના SEO આપે છે ત્યારે આ પ્લગિનની જરૂર પડતી નથી.
- **Google Analytics for wordpress:** ગૂગલ એનાલિટિક્સ મફત સેવા માટે સરળ માધ્યમ.
- **XML Sitemap:** આપોઆપ તમારી વેબસાઈટના XML sitemap બનાવે છે.
- **EmailShroud:** પ્રતિભાવ આપનારાઓના ઇ-મેલ સરનામા છૂપાવી દે છે જેથી સ્પામબોટથી તેમને બચાવી શકાય. આ વર્ડપ્રેસની પ્લગિન યાદીમાં ઉપલબ્ધનથી. તેને વેબ પરથી ડાઉનલોડ કરીને શોધીને Plugins > Add New અને "Upload" પર ક્લિક


Ver. 1.01 - © Copyright 2011

કરી પછીથી સક્રિય કરો.

- **WP-DB-BACKUP:** વેબસાઈટનો બેક અપ લેવા માટે ઉપયોગી છે.
- **Indic IME** : વેબસાઈટમાં, ખાસ કરીને પ્રતિભાવોમાં ભારતીય ભાષાઓ લખી શકવાની ક્ષમતા આપતું વિશાલ મોણપરા દ્વારા વિકસીત ઉમેરણ.
- **Sexy Bookmarks** : સોશિયલ બુકમાર્કિંગ માટેની સુવિધા આપતી વ્યવસ્થા જેની મદદથી ટ્વિટર, ફેસબુક, ગૂગલ બઝ, ડિગ, વગેરે પર કડીઓ તથા વિષયવસ્તુ વિશે જાણકારી વહેંચવાની સગવડ મળે છે.

**આ સિવાય પણ વેબવિશ્વમાં વિવિધ જરૂરતો અનુસારના અનેક પ્લગિન ઉપલબ્ધ છે. ગૂગલ શોધની મદદથી તે સહેલાઈથી શોધી શકાય છે.**

Notes

- કેટલાક પ્લગિન આપોઆપ વિજેટ બનાવી આપે છે, જેમ કે ઉપર દર્શાવ્યા મુજબ "My Link Order" પ્લગિનથી મળતુ વિજેટ સાઇડબારમાં આયોજિત કડીઓ અને કડીઓના વિભાગો આપે છે.
- વિશ્વાસપાત્ર પ્લગિનની ખાત્રી ના હોય તેવા સ્રોત્રમાંથી પ્લગિન ઉમેરશો નહીં, કારણકે આવા પ્લગિન PHP કોડ વાપરીને તમારી વેબસાઈટને બંધ કરી શકે છે. **Plugins >Add New** દ્વારા વર્ડપ્રેસ.ઓર્ગ માંથી મળતા પ્લગિન મહદંશે હાનિકારક નહીં હોય, જો કે તે બરાબર ચાલતા હોવાની સજ્જડ ખાત્રી નથી.
- કેટલાક ખૂબ સરસ પ્લગિન (ગૂગલમાં શોધો **PHP Execution અથવા Advanced Text Widget)** તમને આવા પ્લગિન વડે PHP કોડ સાઈડબારમાં અને પાનાઓમાં ઉપયોગમાં લઈ શકો છો. જો તમે PHP જાણતા હોવ તો આ તમને સાઇડબાર વિષયવસ્તુ માટે નિયંત્રણ આપશે.
- પ્લગિન મેળવવા માટેના કેટલાક ઉપયોગી ઓનલાઈન સ્થાનોમાં લોરેલના બ્લોગ દ્વારા સૂચિત પ્લગિનની ખૂબ લાંબી યાદી, યોસ્ટની વેબસાઈટ પરના પ્લગિન, લેસ્ટર ચાનના વિકસાવેલા પ્લગિન જેવા અનેક ઓનલાઈન વિકલ્પો ઉપલબ્ધ છે.


Ver. 1.01 - © Copyright 2011

# વિન્ડોઝ લાઇવ રાઇટર (વિન્ડોઝ માટે) અને બ્લોગો (મેક માટે) વાપરીને વૈભવી વિષયવસ્તુનું સર્જન

વિન્ડોઝ લાઈવ રાઈટર એક અતિશય સુંદર સાધન છે જેની મદદથી તમારા બ્લોગ માટે અતિશય સમૃદ્ધ અને વૈભવી વિષયવસ્તુનું સર્જન કરી શકાય. વર્ડપ્રેસની આંતરીક સંપાદન સુવિધા કરતાં પણ તે વધુ પ્રભાવી છે અને ઘણાં બધાં ચિત્રો અને વિડીયો સાથેની પોસ્ટ પ્રસિદ્ધ કરવા ખૂબ ઉપયોગી છે. આ લાઇવ રાઈટરની મદદથી ઓફલાઈન વિષયવસ્તુ સર્જન કરીને વર્ડપ્રેસના આંતરીક XML-RPC પ્રોટોકોલની મદદથી પ્રસિદ્ધ કરી શકાય છે. (તમારા બ્લોગ માટે આની અનુમતિ અપાઈ હોવી જોઇએ, જુઓ Settings મેનુ ).

બ્લોગો ઉપર જેવી સુવિધા ધરાવતું મેક માટેનું સમાન સોફ્ટવેર છે અને આશરે $30 ચૂકવીને મેળવી શકાય છે.

વર્ડપ્રેસ પર ચિત્રો પ્રસિદ્ધ કરવાનો સામાન્ય રસ્તો આ મુજબ છે -

1. ફોટો અથવા ઉપયોગી ચિત્રને કોમ્પ્યુટરની હાર્ડ ડ્રાઈવ પર સંગ્રહો.
2. વર્ડપ્રેસ આંતરીક સંપાદન સુવિધા વાપરીને એ ચિત્રને અપલોડ કરો, અને ત્યાંથી જોઈતા માપમાં તેને ગોઠવો.

નોંધ: વિન્ડોઝ લાઈવ રાઈટર ફક્ત પોસ્ટ બનાવવા માટે ઉપયોગી છે, પાના માટે નહીં, તેથી જો તમે એક પાનું બનાવતા હોવ તો એ માટે પોસ્ટના એચટીએમએલને પેજમાં મૂકો અને ત્યાર બાદ પોસ્ટ ડીલીટ કરી દો.


Ver. 1.01 - © Copyright 2011

## સારાંશ

આ નાનકડી પુસ્તિકામાં અમે વર્ડપ્રેસની મદદથી એક આકર્ષક અને ઉપયોગી વેબસાઈટ ડીઝાઇન કરી શકાય તે માટે મૂળભૂત વિભાવના અને જાણકારી મૂકવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. આશા છે કે આ તમને ઉપયોગી નિવડશે. (તમે અહીં સુધી વાંચી રહ્યા છો એનો અર્થ એ જ લઈ શકાય કે ઉપયોગી નિવડ્યું હશે. ☺ )

વર્ડપ્રેસના અભૂતપૂર્વ વિકાસ અને વપરાશને લીધે તેની સાથે અનેક અખતરાઓ કરી શકાય છે, તેના વૈવિધ્યભર્યા અનેક ઉપયોગો છે. વર્ડપ્રેસ વિષયવસ્તુના આયોજનની એક અનોખી વ્યવસ્થા છે. અને તેથી જ અત્યાર સુધી બનેલી આવી કોઈ પણ કન્ટેન્ટ મેનેજમેન્ટ વ્યવસ્થા કરતા તે વધુ પ્રચલિત છે. એ ફક્ત મફત અને વપરાશમાં એક નવા નિશાળીયાને પણ સરળ લાગે તેવી વ્યવસ્થા જ નથી, પરંતુ એ સાથે તેની અસંખ્ય શક્યતાઓ અને વિકલ્પો એક પૂર્ણ સમયના ડિઝાઈનરને પણ વિચારવા મજબૂર કરી દે એટલી વૈવિધ્યપૂર્ણ છે.

જો આ ઇ - પુસ્તક તમને ગમી હોય તો વર્ડપ્રેસ વિશે અનેક લેખો તથા આ ઇ – પુસ્તકના સર્જન માર્ક ના વેબનાર માં જોડાવ અથવા તેના વિડીયો મદદ પેકેજ ખરીદો. તેની મદદથી તમને વર્ડપ્રેસ વિશે ઘણું વધુ જાણવા મળશે જેની મદદથી તમે સુંદર વેબસાઈટ બનાવી શકશો જે તમને મુલાકાતીઓની સંખ્યા અને કમાણીના આંકડા, બંને વધારી આપશે.

Mazel Tov! મતલબ ચાલો, મારુ નસીબ સારુ છે, વર્ડપ્રેસના સર્જન અને વિકાસ લીધે મારા જેવા અનેક લોકોને વિચારોના અને ગમતી વિષયવસ્તુના પ્રચાર પ્રસારનું માધ્યમ મળ્યું છે. એથી વધુ વર્ડપ્રેસને કમાવાનું સાધન બનાવી ચૂકેલા વેબ ડિઝાઈનરો, નાના ધંધાદારીઓ, નફા વગર ચાલતી સંસ્થાઓ વગેરેને ખૂબ ઉપયોગી સાધન મળ્યું છે.


Ver. 1.01 - © Copyright 2011

# લેખક તથા અનુવાદક વિશે માહિતી અને સંપર્ક વિગતો



માર્ક બેન્ટેયુ એક વેબસાઇટ ડેવલોપર, પ્રશિક્ષક, ઇન્ટરનેટ માર્કેટર અને સાહસીક છે. તે અમેરીકાના ફિલાડેલ્ફીયામાં રહે છે અને ગ્રાહકોને કઈ રીતે આકર્ષક અને પ્રભાવી વેબસાઈટ બનાવી શકાય તે શીખવે છે, લેખક છે અને શિક્ષક છે.

મહેરબાની કરીને ધંધાકીય અવસરો માટે, ખાનગી વેબ પ્રસારણો અને પ્રશિક્ષણ શિબિર માટે તથા વેબસાઈટ ડિઝાઇન માટે સંપર્ક કરો.

માર્ક બેન્ટેઉ, marc@everymanmarketing.com, http://WordpressAcademy.biz
W: (215) 376-4345 અથવા ટ્વિટર પર : http://twitter.com/mbeneteau



જીજ્ઞેશ અધ્યારૂ મૂળભૂત રીતે વ્યવસાયે એક સિવિલ ઇજનેર છે અને છેલ્લા આઠ વર્ષથી વધુ એ ક્ષેત્રમાં કાર્યરત છે. ગુજરાતી વેબસાઇટ અને બ્લોગ વિશેના શોખને લઈને 2007થી તે બ્લોગિંગ ના ક્ષેત્રમાં છે અને ગુજરાતી વેબસાઇટ "અક્ષરનાદ" સંચાલિત કરે છે. વર્ડપ્રેસની મદદથી ધંધાકીય રીતે વેબસાઇટ નિર્માણના ક્ષેત્રમાં તેમણે પદાર્પણ કર્યું છે.

મહેરબાની કરીને વેબસાઈટ ડિઝાઇન – ખાસ કરીને ભારતીય ભાષાઓમાં વેબ ડીઝાઈન માટે સંપર્ક કરો.

જીજ્ઞેશ અધ્યારૂ, adhyaru19@gmail.com, http://aksharnaad.com
M : (+91) 997 441 0868 અથવા ટ્વિટર પર : http://twitter.com/adhyaru19



Ver. 1.01 - © Copyright 2011